# આસપાસ ચોપાસ







## શિક્ષણ: ગામના ભવિષ્યની મજબૂત પાયાની ઈંટ



શશીકાંત રાઠોડ



રાજેશભાઈ પટેલ

ભગવાનપુરા (વાંક) ખાતે શ્રી શ્રદ્ધા વિદ્યાલય આવેલી છે. શાળામાં ભણતાં બાળકો માત્ર પુસ્તકી જ્ઞાન મેળવે એટલું જ જરૂરી નથી, પરંતુ રમતગમત, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, વિજ્ઞાન, કલા, વક્તૃત્વ, નિબંધ લેખન અને સામાજિક જાગૃતિ જેવી પ્રવૃત્તિઓમાં પણ આગળ વધે તે આજના સમયની જરૂરિયાત છે. ધો.10 અને 12 પછી વિવિધ અભ્યાસક્રમો, આઈ.ટી.આઈ., ડિપ્લોમા, કોલેજ, વ્યવસાયિક અભ્યાસક્રમો અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ તરફ ગ્રામ્ય વિસ્તારના વિદ્યાર્થીઓ આગળ વધી રહ્યા છે. ભગવાનપુરા ગામના હનુમાન ફળિયામાં આવેલી વર્ગશાળા ગામના બાળકોને પ્રાથમિક શિક્ષણ પૂરું પાડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી રહી છે. આ શાળાની સ્થાપના વર્ષ-૧૯૭૨માં કરવામાં આવી હતી. શાળાના આચાર્ય તરીકે શશીકાંત રાઠોડ સેવા આપી રહ્યા છે. શાળામાં કુલ બે સ્ટાફ સભ્યો કાર્યરત છે. શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને અભ્યાસની સાથે સ્વચ્છતા, શિસ્ત, સારા સંસ્કાર અને સામાજિક જવાબદારી અંગે પણ માર્ગદર્શન આપવામાં આવે છે. હાલમાં શાળામાં કુલ ૨૯ વિદ્યાર્થી અભ્યાસ કરી રહ્યા છે, જેમાં ૧૩ કુમાર અને ૧૬ કન્યા છે. ભગવાનપુરા પ્રાથમિક શાળા ગામના બાળકો માટે શિક્ષણનું મહત્વનું કેન્દ્ર છે. આ શાળાની સ્થાપના વર્ષ-1924માં કરવામાં આવી હતી. હાલમાં શાળાના આચાર્ય તરીકે રાજેશભાઈ લાલજીભાઈ પટેલ ફરજ બજાવી રહ્યા છે. શાળામાં કુલ 5 સ્ટાફ સભ્ય કાર્યરત છે. હાલમાં શાળામાં કુલ 92 વિદ્યાર્થી અભ્યાસ કરે છે. બાલવાટિકામાં ધોરણ-5થી કુમાર 21, કન્યા 20 મળી કુલ 41 બાળક અભ્યાસ કરે છે. તેમજ ધો.6થી 8માં 25 કુમાર અને 26 કન્યા, એમ કુલ 51 વિદ્યાર્થી

## ભગવાનપુરા (વાંક) ગામમાં આંગણવાડી કેન્દ્રો બાળકોને આપે છે કેળવણી, ત્રણ આંગણવાડી કેન્દ્રમાં કુલ 74 બાળક મેળવે છે પાયાનું જ્ઞાન

ભગવાનપુરા (વાંક) ગામમાં નાનાં બાળકોના શિક્ષણ અને સર્વાંગી વિકાસ માટે કુલ ત્રણ આંગણવાડી કેન્દ્રો કાર્યરત છે. આ ત્રણ આંગણવાડી કેન્દ્રોમાં હાલમાં કુલ 74 બાળક અભ્યાસ અને પ્રાથમિક શિક્ષણ મેળવી રહ્યાં છે. આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને પ્રાથમિક શિક્ષણ સાથે રમતો, ગીતો, વાર્તાઓ અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા જ્ઞાન આપવામાં આવે છે. આ પ્રવૃત્તિઓ બાળકોના માનસિક, શારીરિક અને સામાજિક વિકાસમાં મદદરૂપ બને છે. આંગણવાડી કેન્દ્રો દ્વારા બાળકોની આરોગ્ય, સ્વચ્છતા અને પોષણ સંબંધિત બાબતોનું પણ ધ્યાન રાખવામાં આવે છે.

## દેવ દિવાળીનો પરંપરાગત હાટ

ભગવાનપુરાના કારેશ્વર મહાદેવ મંદિર પાસે દર વર્ષે દેવ દિવાળીના પાવન પ્રસંગે પરંપરાગત હાટનું આયોજન કરવામાં આવે છે. દેવ દિવાળીના દિવસે મંદિર પરિસર અને આસપાસનો વિસ્તાર ભક્તો તથા ગ્રામજનોની અવરજવરથી જીવંત બની જાય છે. આ હાટ ગામની ધાર્મિક પરંપરા સાથે લોકજીવન અને સામાજિક એકતાનું પણ સુંદર ઉદાહરણ છે. દૂર દૂરથી લોકો ભગવાનના દર્શન કરવા આવે છે અને સાથે હાટમાં ખરીદીનો આનંદ માણે છે. હાટમાં વિવિધ ઘરગથ્થુ વસ્તુઓ, ખાણીપીણીની ચીજવસ્તુઓ, રમકડાં તથા સ્થાનિક જરૂરિયાતની વસ્તુઓના સ્ટોલ જોવા મળે છે. બાળકો માટે હાટ વિશેષ આકર્ષણનું કેન્દ્ર બને છે, જ્યારે વડીલો અને પરિવારો માટે આ પ્રસંગ એકબીજાને મળવાનો અને આનંદ માણવાનો અવસર બને છે. દેવદિવાળીનો આ હાટ માત્ર ખરીદી-વેચાણ પૂરતો સીમિત નથી. તે ગામની વર્ષો જૂની પરંપરા, ધાર્મિક શ્રદ્ધા, લોકસંસ્કૃતિ અને સામાજિક એકતાને જીવંત રાખતો પ્રસંગ છે. હાટના દિવસે ગામમાં ઉત્સવ જેવું વાતાવરણ સર્જાય છે અને લોકો ભક્તિ તથા આનંદ સાથે આ પર્વની ઉજવણી કરે છે.

## કાછિયા પટેલ સમાજ: મહેનત અને પરંપરાની આગવી ઓળખ

ભગવાનપુરા ગામના સામાજિક જીવનમાં કાછિયા પટેલ સમાજનું પણ મહત્ત્વનું સ્થાન જોવા મળે છે. કાછિયા પટેલ સમાજનો પરંપરાગત સંબંધ ખેતી સાથે રહ્યો છે અને ખાસ કરીને શાકભાજી તથા વિવિધ કૃષિ પાકોની ખેતીમાં સમાજના લોકોનું યોગદાન નોંધપાત્ર રહ્યું છે. કાછિયા પટેલ પરિવારોમાં પેઢી દર પેઢી ખેતીનું જ્ઞાન અને અનુભવ આગળ વધતો આવ્યો છે. મહેનત, સમયસર ખેતીકામ, પાકની સંભાળ અને કુદરતી પરિસ્થિતિને અનુરૂપ ખેતી કરવાની કુશળતા સમાજની આગવી ઓળખ રહી છે. સમયની સાથે ભગવાનપુરાના કાછિયા પટેલ સમાજમાં પણ પરિવર્તન આવ્યું છે. નવી પેઢીએ ખેતીની સાથે શિક્ષણને મહત્ત્વ આપ્યું છે. સમાજના યુવાનો ઉચ્ચ શિક્ષણ મેળવી સરકારી અને ખાનગી નોકરી, વેપાર, વ્યવસાય તથા અન્ય ક્ષેત્રોમાં આગળ વધી રહ્યા છે. આ પરિવર્તનથી સમાજની આર્થિક અને સામાજિક સ્થિતિને નવી દિશા મળી રહી છે.







## ધાર્મિક અને સાંસ્કૃતિક જીવન

ભગવાનપુરા ગામમાં પણ ગ્રામ્ય સમાજની પરંપરાગત એકતા અને પરસ્પર સહકાર મહત્ત્વ ધરાવે છે. તહેવારો દરમિયાન લોકો એકબીજાને શુભેચ્છા પાઠવે છે અને સામાજિક પ્રસંગોમાં સહભાગી બને છે. આ પ્રકારની પરંપરાઓ નવી પેઢીને પોતાની સંસ્કૃતિ સાથે જોડવાનું કામ કરે છે. આધુનિક જીવનશૈલી સાથે આગળ વધતાં પણ ગામની પરંપરા, લોકસંસ્કૃતિ અને સામાજિક એકતા જળવાઈ રહે એ ખૂબ જરૂરી છે. ભગવાનપુરા ગામમાં આવેલા કારેશ્વર મહાદેવ મંદિર, હનુમાન દાદાનું મંદિર અને શંકર ભગવાનનું મંદિર ગ્રામજનોની શ્રદ્ધા અને આસ્થાનાં કેન્દ્રો છે. મહાદેવના મંદિરે શ્રાવણ માસ, મહાશિવરાત્રિ અને અન્ય ધાર્મિક પ્રસંગો દરમિયાન ભક્તો ભગવાન શિવના દર્શન અને પૂજા-અર્ચના માટે મંદિરે દર્શનાર્થે ઊમટી પડે છે. અહીં સ્વામિનારાયણ મંદિર ગામના લોકો માટે ખૂબ જ મહત્ત્વનું ધાર્મિક સ્થળ છે. મંદિરમાં ભજન, કિર્તન અને સત્સંગ જેવા ધાર્મિક કાર્યક્રમો પણ યોજાય છે. ગામના લોકો તહેવારો અને ખાસ પ્રસંગોએ મંદિરમાં ભેગા થાય છે અને આનંદથી ઉજવણી કરે છે. મંદિરને સુંદર રીતે શણગારવામાં આવે છે. સ્વામિનારાયણ મંદિર ગામના લોકોમાં પ્રેમ, એકતા અને ભાઈચારાની ભાવના વધારે છે. અહીં બાળકો, યુવાનો, મહિલાઓ અને વડીલો બધા ધાર્મિક કાર્યક્રમોમાં ભાગ લે છે.




## ભગવાનપુરા (વાંક) ગામમાં સબ સેન્ટરની સુવિધા

વાંક ભગવાનપુરા ગામમાં ગ્રામજનોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ સરળતાથી મળી રહે તે માટે એક સબ સેન્ટર આવેલું છે. ગામના લોકો માટે આરોગ્ય સંબંધિત પ્રાથમિક સેવાઓ ઉપલબ્ધ કરાવવામાં આ સબ સેન્ટર મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે. સબ સેન્ટર દ્વારા ગ્રામજનોને આરોગ્ય અંગે જરૂરી માર્ગદર્શન આપવામાં આવે છે. માતા અને બાળકના આરોગ્ય, રસીકરણ, પ્રાથમિક સારવાર, સ્વચ્છતા તથા આરોગ્ય જાગૃતિ જેવી સેવાઓ માટે સબ સેન્ટર ઉપયોગી છે. ગામના લોકોને પ્રાથમિક આરોગ્ય સેવાઓ નજીકમાં ઉપલબ્ધ થવાથી આરોગ્ય સંબંધિત બાબતોમાં ઘણી સુવિધા રહે છે. ખાસ કરીને સગર્ભા મહિલાઓ, નાનાં બાળકો અને વૃદ્ધો માટે પ્રાથમિક આરોગ્ય સેવાઓ મહત્ત્વપૂર્ણ છે. સબ સેન્ટર દ્વારા વિવિધ આરોગ્યલક્ષી કાર્યક્રમો અને સેવાઓનો લાભ ગ્રામજનોને મળી શકે છે.










## મહિલા શક્તિ થકી ગામની પ્રગતિ

ગામના વિકાસની વાત મહિલાઓની ભાગીદારી વગર અધૂરી છે. ગ્રામ્ય મહિલાઓ ઘર સંભાળવાની સાથે ખેતી, પશુપાલન, દૂધ ઉત્પાદન, નાના ઘરઉદ્યોગ અને પરિવારના આર્થિક કાર્યોમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપે છે. જો ભગવાનપુરામાં મહિલાઓ માટે કૌશલ્ય વિકાસ તાલીમ, સિલાઈ-કઢાઈ, ખાદ્યપ્રક્રિયા, પશુપાલન, દૂધ આધારિત ઉત્પાદનો અને નાના વ્યવસાય માટે માર્ગદર્શન જેવી પ્રવૃત્તિઓને વધુ પ્રોત્સાહન મળે તો ગ્રામ્ય અર્થતંત્રને નવી દિશા મળી શકે છે.

## રમતગમતમાં આગળ વધવાની સંભાવના

આજના સમયમાં શિક્ષણ સાથે રમતગમતને પણ સમાન મહત્ત્વ આપવામાં આવે છે. ગામમાં ક્રિકેટ સૌથી વધુ લોકપ્રિય રમત છે. બાળકો અને યુવાનો નિયમિત રીતે ક્રિકેટ રમે છે અને વિવિધ પ્રસંગોએ ક્રિકેટની મેચોનું આયોજન પણ કરવામાં આવે છે. આ ઉપરાંત ગામમાં ગિલ્લી-દંડા, કબડ્ડી, ખો-ખો અને વોલીબોલ જેવી રમતો પણ રમવામાં આવે છે. કબડ્ડી અને ખો-ખો જેવી રમતોમાં ટીમ બનાવીને બાળકો અને યુવાનો ઉત્સાહપૂર્વક ભાગ લે છે. વોલીબોલ અને ક્રિકેટની સ્થાનિક સ્પર્ધાઓ પણ યોજાય છે. રમતગમતથી શરીર સ્વસ્થ રહે છે અને બાળકોમાં શિસ્ત, સહકાર, આત્મવિશ્વાસ તથા રમતગમતની ભાવના વિકસે છે. આમ, વાઘ ભગવાનપુરા ગામમાં રમતગમતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન મળતું રહે છે અને ગામના લોકો રમતો પ્રત્યે સારો ઉત્સાહ ધરાવે છે.

## સ્વચ્છતા અને પર્યાવરણ

આજના સમયમાં સ્વચ્છતા માત્ર સરકારની જવાબદારી નથી, પરંતુ દરેક નાગરિકની જવાબદારી છે. ગામમાં સ્વચ્છ રસ્તા, યોગ્ય ગટર વ્યવસ્થા, કચરાનું યોગ્ય વ્યવસ્થાપન અને સ્વચ્છ પીવાનું પાણી જેવી બાબતો ગ્રામજનોના આરોગ્ય સાથે સીધી રીતે જોડાયેલી છે. ભગવાનપુરા જેવા ગ્રામ્ય વિસ્તારમાં વૃક્ષારોપણ, વરસાદી પાણીનો સંગ્રહ, પ્લાસ્ટિકનો ઓછો ઉપયોગ અને સ્વચ્છતા અંગે જનજાગૃતિ જેવા કાર્યક્રમો વધુ પ્રમાણમાં યોજાય તો ગામને સ્વચ્છ અને હરિયાળું બનાવી શકાય.

(માહિતી સંકલન અને તસવીર: સલીમ દિવાન, ભોરિયા)